# વિષય, સ્વરૂપ અને પ્રયોગના ત્રિભેટે કાવ્યત્વ | રાજેન્દ્ર પટેલ

[**'શબ્દમુદ્રિકા'** : હસમુખ રાવલ, પ્રકાશક : હસમુખ રાવલ, બી-૪૦૮, બંધન, અંકુર, અમદાવાદ-૧૩, પ્ર.આ. ૨૦૦૫, પૃ. ૯૬, કિં. રૂ. ૬૦]

**આનાથી તો છો ને....**
**છો કપાઈ જાય...**
**જોડાણ જ,**
**............**
**ઘરરરર.... ઘરરરર...**
**ચાલુ છે**
**ડાયલટોન....**

૧૯૭૧થી શરૂ થયેલી કવિ હસમુખ રાવલની કાવ્યયાત્રા પહેલાં પરંપરાના રંગે રંગાઈ, પછી લાંબા પચ્ચીસ વર્ષના વિરામ બાદ, અનુઆધુનિક ગાળામાં આધુનિક કાવ્યચેતનાના સ્પર્શ સાથે ફરીથી જોડાઈ. જુદાં જુદાં કાવ્યસ્વરૂપોમાં તેમનું સર્જન પાંગરે છે. સંવાદકાવ્યો(Narrative Poetry)માં કાવ્યતત્ત્વ અનેરી રીતે આકારિત થાય છે. પોતાની જાતતપાસથી ખિન્ન કવિ, પ્રખર આત્મતિતિક્ષા માટે કહી દે છે : છો કપાઈ જાય... જોડાણ જ... પરંતુ આમ કહી કવિની સંવેદના વધુ તીવ્ર બને છે અને 'સ્વ'ચેતના એક અનુસંધાન માટે તલસે છે... તેનું ઇંગિત... 'ડાયલટોન ચાલુ છે'થી વ્યક્ત થાય છે. ફરીફરીને પ્રવૃત્ત થવું, પાંગરવું અને અવ્યક્તને વ્યક્ત કરવા મથતા રહેવું, એ આ કવિની નિજી મુદ્રા છે અને તેના ફલસ્વરૂપે આપણને 'શબ્દમુદ્રિકા' નામનો પ્રથમ કાવ્યસંગ્રહ લાધે છે.

આ કાવ્યસંગ્રહમાં પસાર થતાં લાગે છે કવિને મન શબ્દ સાધન છે. તેને અલગ અલગ રૂપે આવિષ્કાર કરવાની કવિની મથામણ નોખી છે, તે કાવ્યસ્વરૂપના જુદા જુદા પ્રયોગ દ્વારા દૃષ્ટિગોચર થાય છે. મહાન સાહિત્યકાર પાસ્તરનાક કહેતા, ''In art the man is silent and the image speaks.'' આ કાવ્યસંગ્રહમાં કાવ્ય દ્વારા, ચિત્રો દ્વારા, ધ્વનિ દ્વારા કવિ પોતાની સંવેદના પ્રગટાવવા જુદા જુદા પ્રયોગો દ્વારા મથ્યા છે. આવા 'સ્કેચીસ' – શબ્દરેખાંકનો વચ્ચે મૌન અર્થ આસ્વાદ્ય બને છે. ઘણાં કાવ્યોમાં બે ચિત્ર દ્વારા, બે શબ્દ વચ્ચેનું મૌન અને તેની પછીતની ધૂંધળી દૃશ્યાવલીઓ, ઊડીને આંખે વળગે તેવી છે.

શાંત, સરળ, સાલસ પ્રકૃતિના આ અંતરમુખી કવિનો પ્રથમ તબક્કો ૧૯૭૧થી ૧૯૭૪ બચુભાઈ-સુંદરમ્‌ની હૂંફમાં, માર્ગદર્શનમાં શરૂ થાય છે. પ્રચ્છન્નપણે વાવેલાં એ કાવ્યબીજ ૨૦૦૦થી આજ સુધી બુધસભામાં ધીરુભાઈ પરીખ અને શનિસભામાં ચિનુ મોદી, લાભશંકર ઠાકરના સાંનિધ્યમાં અંકુરિત થયાં છે. 'શબ્દમુદ્રિકા' કાવ્યસંગ્રહમાં કવિ હસમુખ રાવલના ચાર પ્રવાહ ધ્યાનાકર્ષક છે.

(૧) વિવિધ સાહિત્યસ્વરૂપનું વિશિષ્ટ એકીકરણ (Fusion) (કવિતામાં નાટ્ય અને વાર્તાતત્ત્વો અને સંવાદનો વિનિયોગ. મૂળે હસમુખ રાવલ એક અચ્છા વાર્તાકાર અને નાટ્યકાર છે.) (જોવા જેવું નાટક / વાત લીલા)

(૨) નાવીન્યપૂર્ણ અભિવ્યક્તિ (દા.ત. ટેલિફોન કાવ્યો / બે પગ)

(૩) પ્રયોગાત્મકતાનો સમતુલ વિનિયોગ (વાત લ્યાઁ કોણ માને ? / ખર્તા સિક્કા જેવો)

(૪) કાવ્યનાં વિવિધ સ્વરૂપોમાં કામ (ગઝલ, ગીત, પરંપરિત છંદ અને અછંદાસ કે ગદ્યકાવ્યમાં).

કોઈ પણ સર્જકનું કર્મ છેવટે તો કશુંક 'જોઈને' કશુંક 'કહીને' તેનું પ્રયોજન, કેવળ કશુંક 'જાણવાનું' હોય છે. તેથી જ કદાચ Auden જેવા મહાન કવિ કહી ઊઠતા હશે : How can I know what I think till I see what I say ?'' આ પ્રક્રિયા જેટલી સંદિગ્ધ તેટલી આસ્વાદ્ય.

**આખર**
**બે પગ તો છે બિચારા**
**એકલા અટૂલા**
**પ....ડ...તાં... ઊ...ઠ...તાં...**
**ઉ...ભ...ય... ઊભા થઈ...**

અથવા 'વાત-લીલા' કાવ્યમાં પંચમહાભૂતની વચ્ચે વલોવાતી કવિસંવેદના આમ સ્ફુટ થાય છે : **ચાલી જતી ગાડીય તે, છુકછુક નહીં, સીટી નહીં, ચાલે જતી દોડે જતી.**

છુક...છુક નહીં, સીટી નહીં, – ના ઇંગિત ચાલી જતી, દોડે જતી ગતિમાં સ્થગિત દશાનું દૃશ્ય-શ્રાવ્યગત કલ્પન છેવટે અગતિમાં પરિણમી પ્રચ્છન્ન વેદનાનો અનુભવ કરાવે છે.

વળી ગઝલ, ગીત અને પરંપરિત છંદમાંય કવિનું કાઠું પ્રગટ્યું છે. કદાચ એક પ્રવાહમાં કવિ તણાયા હોત તો વધુ સારું કે કેમ ? તે વિચાર અસ્થાને નથી. કેટલીક સુંદર કાવ્યપંક્તિઓ જોઈએ :

**ત્યાં ચાંચ ચણ તે પણ મારી, નભ પાંખ ઊડે તે પણ મારી**
**તે પિચ્છ ખરે તે પણ મારું, ...રે...પંખી આખું મારું છે.**

વિશ્વ સાથે ઐક્યની આ પરમ અનુભૂતિ પાછળનો શબ્દરવ અને અર્થમાધુર્ય કોઈ પણ ભાવકના મનનો કબજો લઈ લે તેવાં છે.

અતીતરાગ વચ્ચે ઊર્મિલ અભિવ્યક્તિ દ્વારા, જીવનમાં વ્યંજિત વિષાદો, 'ભીંજવે' જેવાં ગીતોમાં સહજ વ્યક્ત થાય છે. કોઈ પણ ઉંમરની, કોઈ પણ કક્ષાની વ્યક્તિને આ કાવ્ય 'ભીંજવવા' માટે સક્ષમ છે. આધુનિક સંવાદકાવ્ય રચતાં કવિની આંતર-ચેતના કેટલી ઋજુ છે તેનું દર્શન આખા કાવ્યમાં દરેક પંક્તિમાં દેખાય છે.

**ત્રીજો વરસાદ થાક્યા સૂરજને ઘાટ**
**ઘેરો ઘેરો અંધાર ઝીણું વરસે**
**એક દીવો ડૂલ્યો, બીજો ડૂલ્યાની વાટ**
**એમ ઝાંખેરી આંખ થોડું થરકે.**

મૃત્યુના ઓછાયાને, Agingની પ્રક્રિયાને 'અંધાર ઝીણું વરસે'ની સાથે 'આંખ થોડું થરકે'ની વચ્ચે દીવો બૂઝવાની ક્ષણે મૂકી કવિએ સંવેદનશિલ્પ કંડાર્યું છે. તે ભાવકને સાંગોપાંગ ભીંજવે તેમ છે.

વળી પરંપરિત છંદમાં રચાતા કાવ્યમાં પણ તેમનો વિશિષ્ટ અર્થ નિષ્પન્ન થાય છે. વર્ણથી

વ્યંજના સુધીની યાત્રા જોવા મળે છે; જેમ કે

**આકાશે રવિ રોજ જે ધધખતો તેવો જ આજે ધખે,**
**દીસે નીડ નહીં, ન મોર-ચકલાં, ડાળીય તે ક્યાં રહી ?**

'ડાળીય તે ક્યાં રહી ?' કવિકર્મનો નમૂનો ઉનાળાના સૂકાભઠ્ઠ દિવસ જેવું મન કેટલા ઘેરા વિષાદને રંગે રંગાયેલું છે તે વ્યક્ત થાય છે. કે પછી

**અને હું પાકીટે**
**પડ્યા સિક્કા જેવા સૂનમૂન કિતાબો ચગળતો**

-માં આધુનિક કલ્પન 'પાકીટ' અને 'સિક્કા' સાથે 'સૂનમૂન કિતાબ' મૂકી વ્યંજિત અર્થસઘનતા જોઈ શકાય તેમ છે.

**દીવા-સમે હરખતાં ઘર-ગામ પૂછે :**
**'આયો ભલો ! પણ ભિયા, ચમ ચોકવાયો ?'**

તળપદી બાની અને વાર્તાઘટક સાથે છંદ-પ્રાસનું આયોજન આ કવિની વિશિષ્ટ છબિ છે.

આ જ રીતે ગઝલમાં પણ વિશિષ્ટ અર્થ સ્પંદિત કરવાની ક્ષમતા દેખાય છે.

**પકવી કાચું ચામડું ને તેં ધોઈ છાપ**
**હું તો કેવળ ઢોલકી તું મંગલમય થાપ.**

S

**હતી દ્વારિકા એ હજુ એની એ છે;**
**એ ટોળાં, એ પથ્થર અને છે સુદામો.**

S

**ઝાઝું હવે ઠગવું નથી**
**મારે મને મળવું નથી.**

S

**ભીંતોથી બાકોરાં મોટાં**
**ક્યાં લગ તાળાં વાસી વાંચું.**

S

**આખર તો આ ગ્રૂપ ફોટામાં**
**વચ્ચે શ્રીમુખ ભાદર-ભીંડું.**

આ કવિમાં બે ચેતના એકીસાથે સંક્રાંત છે. એક ગ્રામ્યચેતના તેના અતીતને લઈને આવી છે. બીજી આધુનિક યંત્રચેતના ધ્વનિત થઈ ઊઠે છે. બંનેમાં કવિની 'નેરેટિવ પોએટ્રી'ની હથોટી અનેરી છે. 'અંતિમ દર્શન' કાવ્યમાં...

**કાલે હવે**
**છાતી ઉપર કપચી જડાશે**
**ને ઉપર કાળું કફન.**

વતનનો, આવો કાયાકલ્પ વાસ્તવમાં વ્યક્તિમાં થતા અનિચ્છનીય પરિવર્તન જેવો ભાસે છે. અને તે આમ બને છે –

**હસમુખને મળવા દિનરાત જાગું**
**અને**
**નગરના ફોનેફોન જગાડું છું.**
**....**
**ભૂખ્યાં ડાંસ ટેરવાં ચગળે જતાં**
**ડાયલ... ડાયલ... ડાય...**

ત્રીજી વાર ડાયલ લખવાને બદલે ડાય... રાખી, વ્યંજિત ચિત્કાર વધુ તીવ્ર બનાવે છે. આ સંસ્કૃતિની ઉપરતળેની પ્રક્રિયાની વેદના શબ્દચિત્ર દ્વારા વધુ ઘનીભૂત થાય છે. વળી કાવ્યે-કાવ્યે કેટલાંક કલ્પન બેનમૂન છે; જેવાં કે

'યુવા વિધવાની સ્વગતોક્તિ'માં

**ઘાસલેટિયા વાતાવરણમાં**
**ગૂંગળાતાં ટેરવાં**

S

**બપોરની સોય**
**મૌનનો દોરો લઈ**

S

**પાંદડાં ખરવાથી**
**ઓછો કંઈ આંબો ખરી પડે છે !**

S

**શમણાનાં બોર પણ ચાખી શકતી નથી.**

'ખેતરમાં' –

**– બસ, ફૂંક ઝીણી પાથરું તારી ઉપર**

'એક કાવ્ય' –

**સારસીના ટહુકાની આંખમાં**
**મોતી થઈ ઝગતું ખેતર**

આવી અનેક કાવ્યપંક્તિઓ વાચકને મંત્રમુગ્ધ કરી દે છે. પરંતુ શબ્દમુદ્રિકામાં અનેક સ્વરૂપો, અનેક બાની, અનેક અર્થછાયા વચ્ચે કવિકર્મ વહેંચાય છે. ત્યારે કવિએ કોઈ એક સ્વરૂપને વધુ સઘન રીતે, કોઈ એક ચેતનાને વધુ પ્રમાણમાં સેવી હોત તો કદાચ કાવ્યતત્ત્વના આરોહ-અવરોહમાં 'અવરોહ' આવત નહીં. ક્યારેક સાંપ્રતમાં સર્જાતા સર્જનનો કેટલોક પડઘો કવિ-ચિત્તમાંથી એવો ને એવો, ક્યાંક ને ક્યાંક પ્રગટ થાય છે ત્યારે કવિની Awarenessની ઘટી જતી માત્રા તરફ નજર થાય છે. સાહિત્ય અકાદમીએ ૭૨ કાવ્યો પ્રગટ કરવાની પરવાનગી આપી હતી છતાં કવિએ તેમાંથી ૫૪ કાવ્યો જ પ્રગટ કર્યાં. જેમાં છેલ્લે 'સૉનેટમાલાગુચ્છ'ને શ્રી સિતાંશુભાઈ અને શ્રી ચંદ્રકાન્ત ટોપીવાલા જેવા વિદ્વાનોની નજર તળે કરાવેલાં અને પછી જ કાવ્યસંગ્રહમાં સામેલ કરેલાં. તે જાણ્યા પછી ચોક્કસ લાગે 'શબ્દમુદ્રિકા' કાવ્યસંચય લઈને

આવતા આ શક્યતાઓથી સભર કવિ કાલે સવારે ઊઠીને અવનવાં શબ્દશિલ્પ લઈને આવે તો કહેવાય નહીં.

Joseph Conard's સાહિત્ય, સાહિત્યકાર અને ભાવક માટે પોતાનો મત પ્રદર્શિત કરતાં કહે છે : ''to make you hear, to make you feel – it is, before all to make you see. That and no more and it is everythings.''

'શબ્દમુદ્રિકા' કાવ્યસંગ્રહમાંથી પસાર થતાં, કેટલીક જગ્યાએ આ વાતની પ્રતીતિ થાય છે, તે નાનીસૂની ઘટના નથી.